


હેલીપેડ એક્ઝીબીશન ગ્રાઉન્ડ પર ખાદ્ય ખુરાક ભવ્ય પ્રદર્શનનો પ્રારંભ થયો છે. ડિસેમ્બર માસમાં યોજાતુ આ પ્રદર્શન સૌને આકર્ષે છે. વિવિધ ખાદ્ય સામગ્રીથી લઈને ખાદ્ય બનાવટની પ્રોસેસ અને મશીનરી પણ આ પ્રદર્શનમાં મુકવામાં આવી છે. વિવિધ ડીઝાઈન્સના કેક અને જાયન્ટ મશીનરીઓએ આકર્ષણ જમાવ્યુ છે. આ પ્રદર્શનનું લોકાર્પણ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના હસ્તે થયુ હતુ.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હવે ખબર પડી કે તમને હેડ કલાર્ક કોણે બનાવ્યા...?!

# ઈન્સ્ટિટ્યુટ ઓફ જર્નાલિઝમમાં ફ્રેશર્સ પાર્ટી યોજાઈ

ગાંધીનગર, તા. ૧૯

ઈન્સ્ટિટ્યૂટ ઓફ જર્નાલિઝમ એન્ડ કોમ્યુનિકેશનની નવી અને ત્રીજી બેચના વિદ્યાર્થીઓને આવકારવા માટે ફ્રેશર્સ પાર્ટી યોજાઈ હતી. જે હિમાલયા મોલ ખાતે યોજાઈ હતી. આ કાર્યક્રમમાં આઈજેસીના નિયામક ડૉ. હરિ દેસાઈ, આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. દેબોલિના દાસગુપ્તા અને ફેકલ્ટી અને સેલિબ્રિટી કુસુમ કૌલ વ્યાસે હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં સ્વાગત નૃત્ય, નવી બેચના દેવાંશ ચૌહાણ દ્વારા મંત્રમુગ્ધ કરી દે તેવા ગીતો પેશ કરાયા હતા તથા મિસ્ટર એન્ડ મિસ ફ્રેશર સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધાના નિર્ણાયક ડૉ. દેબોલિના દાસગુપ્તા અને કુસુમ કૌલ હતા. આ સ્પર્ધામાં મિસ ક્યુટેસ્ટ-હેલી જોષી, મિસ્ટર કપૂર-ક્રિશ લાખાણી, મિસ કોન્ફિડન્સ-નિત્યા લાંબા, મિસ્ટર કોન્ફિડન્સ - હર્ષ ચૌધરી, મિસ બેસ્ટ કોસ્ચ્યુમ-દિશા ચંદનાની, મિસ્ટર બેસ્ટ કોસ્ચ્યુમ-વિશ્રુત ક્ષત્રિય, મિસ ફ્રેશર-જાનવી જાની અને મિસ્ટર ફ્રેશર-દેવાંશ ચૌહાણ વિજેતા બન્યા હતા. આ વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યા હતા અને ત્યારબાદ ડીજે પાર્ટી રજૂ કરવામાં આવી હતી. દરેક વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ફ્રેશર્સ પાર્ટીમાં ડાન્સ કર્યો હતો.




## ભાજપ તાલુકા યુવા મોરચાના પ્રમુખપદે ઉવારસદના સેવાભાવી યુવાન આશિક પટેલની વરણી

ગાંધીનગર, તા. ૧૯

ભારતીય જનતા પાર્ટીના ગાંધીનગર તાલુકા મંડળ દ્વારા તાલુકા યુવા મોરચાના સંગઠનની રચના કરવામાં આવી છે જે અંતર્ગત ઉવારસદના સેવાભાવી યુવાન આશિકભાઈ જયેશભાઈ પટેલની પ્રમુખ પદે નિમણૂંક કરવામાં આવી છે. આ ઉપરાંત યુવા મોરચામાં લીંબડિયાના દિશાંત ભગવાનભાઈ પટેલ અને ડભોડાના સુરેશ શંકાજી યાદવની ઉપપ્રમુખ પદે તેમજ કાનપુરના મહેશ અંબાલાલ ચૌધરીની મહામંત્રી પદે નિમણૂંક કરવામાં આવી છે. તાલુકા યુવા મોરચામાં ચાર મંત્રીઓની નિમણૂંક કરવામાં આવી છે જેમાં આલમપુરના રોનક ભીખાભાઈ પટેલ, પીંપળજના તેજેન્દ્રસિંહ રતનસિંહ વાઘેલા, રાયપુરના લાલાજી રામજી ડાભી અને ચંદ્રાલાના મન સમીરભાઈ પટેલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કોષાધ્યક્ષ પદે ઈસનપુરના યતીન જીતેન્દ્રભાઈ પટેલની નિમણૂંક કરવામાં આવી છે તેવું ગાંધીનગર તાલુકા ભાજપ પ્રમુખ મહોબતસિંહ સોલંકીની અખબારી યાદીમાં જણાવાયું છે.




## ખૂણેખાંચરેથી

● પેપર લીક મુદ્દે આજે શહેર તેમજ જિલ્લા કોંગ્રેસ દ્વારા ધરણા અને વિરોધ પ્રદર્શન સત્યાગ્રહ છાવણી ખાતે બપોરે ૧ વાગે યોજાશે.

● આજરોજ એક્ઝીબીશન સેન્ટર ખાતે ખાદ્ય-ખોરાક એક્ઝીબીશનના પ્રથમ દિવસે જ મુલાકાતીઓ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા અને પાર્કિંગની સમસ્યા ગંભીર બની હતી.

● ખાદ્ય ખોરાક એક્ઝીબીશન છુટવાના સમયે ચ રોડ પર ચાર જેટલી ગાડીઓ એકબીજા સાથે ટકરાતા ટ્રાફિક જામના દૃશ્યો ઉભા થયા હતા. વાહન ચાલકોમાં પણ તુ તુ મૈ મૈ થવા પામ્યુ હતુ.

● આજે ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ગ્રામજનોએ ભારે ઉત્સાહ દાખવી મતદાન કર્યુ છે. મતદારની કામગીરી મોડે સુધી ચાલી હતી.

● શહેરમાં આજે ઠંડા પવનની લ્હેરખીએ લોકોને ઘરમાં જ રહેવાની ફરજ પાડી હતી.

● ગાંધીનગર સેંટ ઝેવિયર્સના પૂર્વ શિક્ષિકા અર્પણાબેન પંડ્યાનું દુઃખદ અવસાન થયુ છે.

● મંત્રીઓના કાર્યાલયમાં ફરજો બજાવતા કર્મચારી-અધિકારીઓને બે દિવસની તાલિમ સ્પીપામાં આવી છે.


● ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓ અને કૂતરાઓની ફરિયાદ વધવા પામી છે.

● પેપર લીક કાંડમાં દહેગામના હાથીજણના યુવકની સંડોવણી બહાર આવતાં દહેગામ પંથકમાં સન્નાટો છવાઈ ગયો છે.

# વોટ્સઅપ-ઈન્સ્ટ્રાની બોલબાલા વચ્ચે મળવા જેવા માણસ : મનસુખભાઈ કાશીપરા

### વિશાળ મિત્ર સમુદાય ધરાવતા મનસુખભાઈએ ૪૬ વર્ષથી ૩,૪૦,૦૦૦થી વધુ પોર્ટકાર્ડ લખી સ્નેહીઓને જન્મદિને શુભેચ્છા પાઠવી છે : દરેકને વ્યક્તિગત વિશિષ્ઠતા સાથે જાતે જ લખવાનો આગ્રહ રાખતા મનસુખભાઈ





ગાંધીનગર, તા. ૧૯

સોશિયલ મીડિયાના સુપર ફાસ્ટ યુગમાં પોસ્ટકાર્ડથી જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવતા શહેરના મનસુખભાઈ કાશીપરા. વિશાળ મિત્ર સમુદાય ધરાવતા મનસુખભાઈ કાશીપરાએ સન ૧૯૭૫થી અત્યાર સુધી ૩,૪૦,૦૦૦થી વધુ પોસ્ટકાર્ડ લખીને સ્નેહીઓને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. દરેકને વ્યક્તિગત વિશિષ્ઠતા સાથે જાતે જ પોસ્ટકાર્ડ લખવાનો આગ્રહ તેઓ રાખે છે. દર વર્ષે ૮૫૦૦ પોસ્ટકાર્ડ નિયમિત રીતે લખે છે. દરેક પોસ્ટકાર્ડમાં વ્યક્તિગત લાગણી ઉમેરીને અલગ અલગ રીતે જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવે છે જેમાં દિલને સ્પર્શી જાય તેવી શુધ્ધ લાગણીઓ હોય છે. તેમનો સાચો ભાવ સામેવાળી વ્યક્તિ સુધી પહોંચી જાય તેવું તેમનું લખાણ હોય છે.

આજે જમાનો બદલાઈ ગયો છે દુનિયાનો તો આ નિયમ બની ગયો છે કે સમયની સાથે પરિવર્તન જરૂરી છે આ સમયના પરિવર્તનનું ભોગ બની ગયું છે આ આપણું સૌનું એકબીજાની સાથે કાલ્પનિક મેળાપ કરાવનાર વ્હાલું પોસ્ટકાર્ડ... આજકાલ આ પોસ્ટકાર્ડની જગ્યાએ સંદેશાવાહક બની ગયા છે. ઈ મેઈલ, ઈ-કાર્ડ, ફેસબુક, વોટ્સઅપ, ઈન્સ્ટ્રાગ્રામ... ત્યારે મનસુખભાઈ કાશીપરા પોતાનો શોખ જાળવી રાખવા માટે દર વર્ષે સ્નેહીજનોને પોસ્ટકાર્ડ મારફતે જન્મદિવસની શુભેચ્છા પાઠવી રહ્યા છે. તેઓ આઠમાં ધોરણમાં હતા ત્યારથી જ વાંચવા અને લખવાનો ખૂબ શોખ હતો. તેઓ સૌરાષ્ટ્રના વતની છે અને હાલમાં ગાંધીનગરમાં રહે છે. નાનપણમાં જ પોતે શું બનવા માંગે છે ? અને કેવો શોખ રાખવો જોઈએ તેવા પ્રશ્નો થતા ત્યારે શાળાના એક ગુજરાતી શિક્ષક પ્રમોદભાઈ દવેએ દિશા સૂચન આપ્યુ હતુ. શિક્ષકની પ્રેરણાથી તેમણે પોસ્ટકાર્ડ લખીને જન્મદિવસની શુભેચ્છા પાઠવવાનું શરૂ કર્યુ હતુ. પહેલા તેઓ પોસ્ટકાર્ડમાં ચિત્રો દોરીને મિત્રોને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા હતા.

મનસુખભાઈ કાશીપરા ગેઝીયા પ્રાઈવેટ સરક્યુલર ન્યુઝલેટરમાં મેનેજિંગ તંત્રી તરીકે ૨૧ વર્ષથી કાર્યરત છે. તથા જી.આઈ.ડી.સી.માં સી.એમ. ક્લબ એલઆઈસી મેમ્બર એજન્ટ તરીકે ફરજ બજાવે છે. તેમણે જન્મદિન શુભેચ્છાઓની સાથે સાથે લગ્ન વિષયક, શ્રદ્ધાંજલિ લેટર, લગ્ન સંસારમાં બે વ્યક્તિ વચ્ચે મનમુટાવ હોય તેનું નિરાકરણ પણ માત્ર પોસ્ટકાર્ડ દ્વારા લખીને જ તેમના પ્રશ્નોનું નિરાકરણ કરે છે. અત્યાર સુધી લગ્ન વિષયક ૧૫૦૦૦ લેટર, શ્રદ્ધાંજલિના ૪૦૦૦ લેટર લખ્યા છે. પોસ્ટકાર્ડના માધ્યમથી મનસુખભાઈએ ઘણા બધાને મદદ કરી છે. તેમના પોસ્ટકાર્ડની બધા સ્નેહીજનો રાહ જોતા હોય છે. એટલે કે જન્મ દિવસે મનસુખભાઈનો પોસ્ટકાર્ડ તો આવશે જ તેવો સ્નેહીજનોને વિશ્વાસ હોય છે.

સન. ૧૯૭૫માં એ સમયમાં ફિલ્મ સુપરસ્ટાર રાજેશખન્નાની 'અજનબી' જોયા બાદ કાશીપરા રાજેશખન્નાના મોટા ફેન થઈ ગયા હતા. અલબત્ત રાજેશખન્નાનો એ સમય જ એવો હતો કે લાખો યુવાનો અને યુવતીઓ તેમના દિવાના હતા. મનસુખભાઈએ પોતાનું દીવાનાપન અભિવ્યક્ત કરવા માટે રાજેશખન્નાને તેમના જન્મદિન નિમિત્તે શુભેચ્છા પાઠવતા પોસ્ટકાર્ડ લખવાનું શરૂ કર્યુ. દર વર્ષે તેઓ પોતાના પ્રિય અભિનેતાનો જન્મદિન યાદ રાખે અને નિયમિત પોસ્ટકાર્ડ લખે. આ સિલસિલો નવેક વર્ષ ચાલ્યો. ત્યાં એક દિવસ સન ૧૯૮૦માં તેમને રાજેશખન્નાનો પ્રત્યુત્તર આવ્યો. રાજેશખન્નાએ પ્રત્યુત્તરમાં લખ્યું હતું કે પોતાને દર વર્ષે નિયમિત રીતે શુભેચ્છાના પત્રો મળે છે તે બદલ આભાર વ્યક્ત કર્યો અને એ પત્ર સાથે એક ટ્રંપકાર્ડ મોકલ્યુ હતુ. સાથે સાથે મુંબઈ પોતાના ઘરે આવવા માટે નિમંત્રણ પણ આપ્યું હતું. મનસુખભાઈ સન. ૧૯૮૩માં રાજેશખન્નાના આશીર્વાદ બંગલે પહોંચી ગયા. ચોકીદારને ટ્રંપકાર્ડ બતાવ્યું ત્યારબાદ માનભેર રાજેશખન્નાના બંગલાની અંદર ચોકીદાર લઈ ગયો હતો. કાર્ડ વગર ચોકીદાર કોઈને એન્ટ્રી આપતો જ નહોતો. રાજેશખન્નાને જોયા બાદ પોતે એ પણ માની શકતા નહોતા કે પોતાનું સ્વપ્ન સાચું પડ્યું છે. મનસુખભાઈનું નામ સાંભળીને રાજેશખન્ના તેમને ભેટી પડ્યા અને કહ્યું તું એક જ એવો વ્યક્તિ છે કે જે ઘણા વર્ષોથી સતત મને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવે છે. રાજેશખન્નાએ પોતાના સેક્રેટરીને સૂચના આપી કે તે આ યુવાનને બંગલો બતાવે, ખાવા-પીવાની તમામ વ્યવસ્થા કરે. સેક્રેટરીએ તેમની યથાયોગ્ય આગતા-સ્વાગતા કરી હતી. આ દિવસ તેમના માટે ખુબ જ મહત્વનો રહ્યો હતો.

સ્વ. અબ્દુલ કલામ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કથાકાર પૂ. મોરારી બાપુ, પ્રમુખસ્વામી મહારાજ, શંકરસિંહ વાઘેલા તથા વર્તમાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પણ જન્મ દિવસની શુભેચ્છાઓ પોસ્ટકાર્ડ દ્વારા પાઠવવામાં આવે છે. પ્રમુખસ્વામી મહારાજની સભામાં તો આ પોસ્ટકાર્ડ વંચાયા પણ છે. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મનસુખભાઈએ એકવાર પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવા માટેનો સંદેશ પોસ્ટકાર્ડ મારફતે લખીને મોકલ્યો હતો. જે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાની મનકી બાતમાં આ વિષય ઉપર ચર્ચા પણ કરી હતી. આમ, દરેકને વ્યક્તિગત વિશિષ્ઠતા સાથે જાતે જ લેટર લખવાનો આગ્રહ મનસુખભાઈ કાશીપરાને ખૂબ સારી રીતે ફળ્યો છે. તેમની મહેનત, લાગણી, વિચારો અને સંકલ્પ તેમને ફળ્યો છે. તેઓ લગ્ન વિષયક એક સુંદર પુસ્તક પણ લખી રહ્યા છે જે આગામી સમયમાં વિમોચન કરવામાં આવશે.





ગાંધીનગરના મગોડી ખાતેના રાહેલ બા વૃદ્ધાશ્રમમાં રવિવારે સેવા મારું જીવન પરિવારના સભ્યો વિદ્યા લાઈબ્રેરીવાળા પ્રદીપસિંહ વાઘેલા, હસમુખભાઈ મેકવાન, સામાજિક કાર્યકરો વિજયસિંહ માજીરાણા, અશ્વિનભાઈ સુહાન, ડી. એમ. મકવાણા, ભરતસિંહ બારડ તથા કૌશિકભાઈ અંજારીયા વગેરે દ્વારા કાર્યક્રમના દાતા હસમુખભાઈ મેકવાન દ્વારા વડીલો માટે ચા અને નાસ્તાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# શિક્ષણ ખાતાના પ્રવૃત્ત અને નિવૃત્ત કર્મચારીઓના 'પરમ મિત્ર ગૃપ'નું સ્નેહ મિલન યોજાયું




શિક્ષણ ખાતાના પ્રવૃત્ત અને નિવૃત્ત કર્મચારીઓના પરમ મિત્ર ગૃપ દ્વારા સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શિક્ષણ ખાતાના મંડળના ભૂતપૂર્વ પ્રમુખો અશોકભાઈ દલાલ, આઈ.કે.પટેલ અને જગદીશભાઈ પરમાર તથા વર્તમાન પ્રમુખ નાગજીભાઈ ચૌધરી અને મહિલા પ્રમુખ ગીતાબા ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત નોકરીમા પ્રવૃત્ત કર્મચારીઓ અને નિવૃત્ત કર્મચારી મિત્રો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સ્નેહ મિલન કમિટીના સભ્યો દ્વારા ભૂતપૂર્વ પ્રમુખો તથા વર્તમાન પ્રમુખનું બુકેથી સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. ભૂતપૂર્વ પ્રમુખ અશોકભાઈ દલાલ દ્વારા કોરોના કાળમાં વિશેષ સહયોગ આપનાર નિવૃત્ત અધિક્ષક ડો. રમેશભાઈ જોશીનું બહુમાન કરવામાં આવ્યું હતું અને ડો.જોશી તથા તેઓના સુપુત્ર ડો.રોનક જોશીનો આભાર માન્યો હતો. સ્નેહ કમિટી દ્વારા જી.કે.પરમારનુ કર્મચારીઓના પ્રશ્નો તથા કોર્ટ મેટરમાં મદદરૂપ થવા માટે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સફળ બનાવવા માટે સ્નેહ મિલન કમિટીના સભ્યોનો ગૃપ સંચાલક અશ્વિન પટેલે આભાર માન્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન ભુપેન્દ્ર ગજ્જરે કર્યું હતું અને આભારવિધિ બંકીમ બ્રહ્મભટ્ટે કરી હતી.

## આજે સરગાસણમાં સાર્વજનિક શહિદોને શ્રધ્ધાંજલિનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૯

સરગાસણ વિસ્તારનાં વસાહતીઓ અને જે તે સોસાયટીનાં આગેવાનો દ્વારા સાર્વજનીક શહીદોની શ્રધ્ધાંજલિનો કાર્યક્રમ રાખેલ છે. જે આજે સાંજે ૭.૦૦ કલાકે પ્રમુખ ઔરાની સામે, ગુડા પ્લોટ સરગાસણ ખાતે રાખેલ છે. જેમાં ગાંધીનગરના તમામ દેશપ્રેમી નાગરિકોને શ્રધ્ધાંજલિમાં ભાગ લેવા સરગાસણ વિસ્તારનાં તમામ સોસાયટીના સામાજીક આગેવાન વિપુલ ઠક્કર (પ્રમુખ ઔરા સોસાયટી) તથા રોહીત પંડયા (પ્રાર્થના ગ્રીન સોસાયટી) દ્વારા જણાવાયું હતું.

# ટીંટોડા પાસે બાઈક-એકટીવા વચ્ચે અકસ્માતમાં મહિલાને ઈજા

ગાંધીનગર, તા.૧૯

વાવોલ-કલોલ માર્ગ પર ટીંટોડા પાસે એકટીવા પુરઝડપે ગફલતભરી રીતે હંકારી ચાલકે બાઈકને ટકકર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલકના માતા નીચે પટકાતા ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કલોલના આરસોડીયા આશાદિપ રો હાઉસ સોસાયટી મકાન નં.૩૫ ખાતે કોકિલાબેન રાજેશભાઈ સોલંકી (ઉં.૪૭) પરિવાર સાથે રહે છે. કોકિલાબેનના પરિવારમાં બે દિકરા અને તેમના પતિના નામે સ્પ્લેન્ડર બાઈક છે. ગત તા.૧૮ ના રોજ સવારે પોણા દશ વાગે સુમારે કોકિલાબેન અને તેમનો દિકરો વૈભવ બાઈક નં. જી.જે.૧૮.ડી.કે.-૧૯૯૯ લઈ ત્રિ-મંદિર ખાતે આવતા હતા. તે સમયે ટીંટોડા ગામ પાસે એકટીવા નં. જી.જે.૦૨.બી.એલ.-૫૭૪૨ ના ચાલક બાઈક સાથે અથડાઈ જતા કોકિલાબેન અને તેમનો દિકરો પડી ગયા હતા. જેમાં કોકિલાબેનને ડાબા હાથના કાંડાના ભાગે ઈજા થઈ હતી. બનાવને પગલે ૧૦૮ આવતા તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા.જયાં કોકિલાબેનને કાંડાના ભાગે ફ્રેકચર હોવાનું નિદાન થયું છે. બનાવ અંગે એકટીવા ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.